ખુશી મનાઓ, આનંદથી ગાઓ, (૨)
હે હે... ઓઓ, ઓહો... આજ ધરણી પર, (૨) વ્હાલમ પધાર્યો,
એના દર્શનનો લૂંટી લ્યો લ્હાવો... (૨) આવ્યો વ્હાલો આવ્યો... (૨)

વચન યોગીનું પૂરું થયું છે, પૂરું થયું છે, (૨)
એંશી યુવકના... નેતા બન્યા છે, નેતા બન્યા છે, (૨)
બ્રહ્મવિદ્યાનો... (૨) ઝંડો લહેરાવ્યો,
એના દર્શનનો લૂંટી લ્યો લ્હાવો... (૨) આવ્યો વ્હાલો આવ્યો...(૨)

અક્ષરધામથી... અવનીએ આવ્યો, અવનીએ આવ્યો, (૨)
ગુણાતીત જ્ઞાનનો... સંદેશો લાવ્યો, સંદેશો લાવ્યો, (૨)
એના અંતરમાં... (૨) જ્યોતિ જગાવો,
એના દર્શનનો લૂંટી લ્યો લ્હાવો... (૨) આવ્યો વ્હાલો આવ્યો...(૨)

માહાત્મ્યનો એ... સાગર અનેરો, સાગર અનેરો, (૨)
નિર્વ્યાજ પ્રેમનો... દાતા ભલેરો, દાતા ભલેરો (૨)
એના વચનમાં... (૨) જીવન ઝુકાવો,
એના દર્શનનો લૂંટી લ્યો લ્હાવો... (૨) આવ્યો વ્હાલો આવ્યો...(૨)

એના સંબંધમાં... જે કોઈ આવે, જે કોઈ આવે, (૨)
શૂન્યમાંથી... સમર્થ બનાવે, સમર્થ બનાવે, (૨)
એની પ્રાપ્તિની... (૨) મસ્તીમાં ન્હાઓ...
એના દર્શનનો લૂંટી લ્યો લ્હાવો... (૨) આવ્યો વ્હાલો આવ્યો...(૨)